
# મોડાસા શહેર-ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના રિટર્ન્સ

## શહેરમાં ૨ અને ૪ લોકો ગ્રામ્ય વિસ્તારના કોરોનાની ઝપેટમાં, ગ્રામ્ય વિસ્તારમાં લોકો બિન્દાસ્ત

મોડાસા, તા. ૨૫

મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં એકાએક કોરોનાનો કથીત રીતે ઘટાડો જોવા મળતા લોકો બિન્દાસ્ત બની ગયા છે તેમાં પણ સમગ્ર રાજયમાં કોરોના સંક્રમિત દર્દીઓના મૃત્યુ આંકમાં અવ્વલ રહેલા મોડાસા શહેરની સ્થિતી આરોગ્યના ચોપડે એકદમ જ સ્થિતી સુધારા પર બતાવાઈ રહી છે, જાણે કોરોનાનું સંક્રમણ ગાયબ થઈ ગયું હોય તેમ પોઝેટીવ દર્દીઓની છેલ્લા કેટલાક દિવસોમાં એકલ દોકલ નોંધાઈ રહી છે, ત્યારે ફરીથી મોડાસા શહેર અને તાલુકામાં કોરોનાના ૬ દર્દીઓ નોંધાતા લોકોમાં ફફડાટ ફેલાયો છે. આરોગ્યતંત્રએ કોરોનાગ્રસ્ત દર્દીઓ મળી આવેલ વિસ્તારને કન્ટેન્ટમેન્ટ જાહેર કરી




સર્વેની કામગીરી હાથ ધરી હતી.

મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં કોરોનાના દર્દીઓ સરકારી ચોપડે ઘટતાં લોકો કોરોનાને મ્હાત આપવામાં સફળ રહ્યા હોય તેમ બિન્દાસ્ત બની જતા બજારો ઉભરાઈ રહ્યા છે. માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સ તો જાણે ગાયબ હોય તેવા દ્રશ્યો ઠેર ઠેર જોવા મળી રહ્યા છે ત્યારે આગામી સમયમાં તંત્રની આંકડાકીય રમતમાં નબળો પડેલો કોરોના વાયરસનો વિસ્ફોટ થાય તો નવાઈ નહિ..! મોડાસાના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાનું સંક્રમણ જોવા મળતા આગામી સમયમાં કોરોનાનું સંક્રમણ વધવાની દહેશત પેદા થઈ છે. જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાની કોઈ પણ પ્રકારની ગંભીરતા જોવા મળતી નથી. લોકો માસ્ક પહેરવાનું પણ મુનાસીબ માનતા નથી. સોશ્યલ ડિસ્ટન્સ પણ જળવાતું નથી ગ્રામ્ય વિસ્તારોમાં દૂધની ડેરીમાં દૂધ ભરાવવા સમયે તો જાણે મેળો જામ્યો હોય તેવા દશ્યી ઠેર ઠેર જોવા મળે છે.

મોડાસા શહેર અને તાલુકામાં કોરોના પોઝેટીવ દર્દીઓ નોંધાયા છે જેમાં મોડાસાની ઉત્સવવેલી સોસાયટીમાં રહેતા ૬૫ વર્ષીય વૃદ્ધ, ધનલક્ષ્મી એપાર્ટમેન્ટમાં રહેતા ૪૯ વર્ષીય આધેડ કોરોનાની ઝપટે ચઢ્યા છે. મોડાસા તાલુકાના મદાપુર કંપા અને મોટી ચીચણો ૪૦ વર્ષીય પુરુષ અને વાંટડા ગામે ૨૨ અને ૨૪ વર્ષીય મહિલાઓનો કોરોના રિપોર્ટ પોઝેટીવ આવતા સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા.

# અરવલ્લીના ૭૦,૦૦૦ થી વધુ વૃધ્ધોની સંભાળ લઈ ઘરે બેઠા સેવાઓ પુરૂ પાડતું આરોગ્યતંત્ર



મોડાસા, તા. ૨૫

અરવલ્લી જિલ્લામાં કોરોના વાયરસને લઈ ૩૫૦થી વધુ લોકો સંક્રમિત થયા છે. ત્યારે આવા સમયે કોરોનાનું સંક્રમણનું સૌથી વધુ જોખમ વૃધ્ધો, સર્ગભાઓ અને નાના બાળકો પર હોય છે, ત્યારે આવી કોરોનાની કપરી પરિસ્થિતિમાં આરોગ્ય વિભાગ દ્વારા સિનિયર સિટીઝનના આરોગ્યની ખાસ દરકાર રાખવામાં આવી રહી છે.

અરવલ્લી જિલ્લામાં જયારથી કોરોનાના સંક્રમણની અસર શરૂ થઈ ત્યારથી જિલ્લામાં વૃધ્ધોના આરોગ્યની વિશેષ કાળજી લેવામાં આવી રહી છે. કોરોના રોગની જાણકારી આપવાની સાથે કોરોનો વ્યાપ વધુ હોય તેવા ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં આંગણવાડી કેન્દ્રની કાર્યકર અને તેડાગર બહેનો દ્વારા સરવે હાથ ધરાયો છે.

જિલ્લાના કન્ટેન્ટમેન્ટ અને એ સિવાયના વિસ્તારમાં આરોગ્યની ૩૪ ટીમો દ્વારા જિલ્લાના ૭૧૪૭૪ વૃધ્ધોના ઘરે જઈ ઓક્સીમીટર દ્વારા શરીરમાં રહેલા ઓક્સિજનની માત્રા તેમજ શરીરના તાપમાનની ટેમ્પરેચર ગન દ્વારા સમયાંતરે તપાસ કરવામાં આવે છે તેમજ ઈમ્યુનિટી કિટસનું ઘરે બેઠા સેવાઓ પુરી પાડવામાં આવી રહી છે.

# પાલનપુરમાં 'શ્રીજી'ની શ્રદ્ધાપૂર્વક સ્થાપના

પાલનપુર, તા.૨૫


પાલનપુરમાં ગુરુનાનક ચોક ખાતે પ્રતિવર્ષની જેમ વિઘ્નહરનારા ગજાનન ગણપતિજીની સરકારની



ગાઈડલાઈનનું ચુસ્ત પાલન કરવા સાથે સ્થાપના કરવામાં આવી હતી. બાલકૃષ્ણ શાસ્ત્રીજીએ પૂજા કરાવી હતી. હાલની કોરોના મહામારી ની પરિસ્થિતિને ધ્યાને લઈ સ?ાદગીપૂર્ણ માહોલમાં ગણપતિ ની સ્થાપના કરવામાં આવી હતી. તેમજ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ આ વખતે મોકુફ રાખવામાં આવ્યા હોવાનું ગણેશ ઉત્સવ સમિતિના પ્રકાશભાઈ અગ્રવાલે જણાવ્યું હતું. આ ઉપરાંત પાલનપુરમાં આબુરોડ હાઈવે ઉપર આવેલ ન્યુ પાલનપુરની તિરૂપતિ રાજનગર, સાકાર રેસીડેન્સી, રાજમહેલ બંગલોજ તેમજ બાલાજી સીટી સહિતની સોસાયટીઓના સંયુક્ત ઉપક્રમે " ન્યુ પાલનપુર ગણેશ મહોત્સવ સમિતિ " દવારા ઉજવાતા ગણપતિ મહોત્સવને લઈને આ વખતે સરકાર ના પરિપત્ર અનુસાર ઉજવણી કરવામાં આવનાર છે.જેમાં સરકારની ગાઈડલાઈન મુજબ સોશિયલ ડિસ્ટન્સ તેમજ માસ્ક પહેરી ભીડ ભેગી ન થાય તે રીતે લોકો દર્શન કરી શકે તે માટે ગણપતિની નાની મૂર્તિની સ્થાપના કરવામાં આવી છે.તેમજ પાચ દિવસ સુધી યોજવામાં આવતા કાર્યક્રમો મોકુફ રાખવામાં આવ્યા છે. પાલનપુર શહેરના પાવર હાઉસ વિસ્તારમાં આવેલ ગણપતિ દાદા નાં મંદિરે ભાદરવા સુદ ચોથ નાં દિવસે આજે વાર્ષિક પાટોત્સવ નિમિત્તે યજ્ઞ યોજવામાં આવ્યો હતો. મંદિરના પૂજારી દિનેશભાઈ દવેએ જણાવ્યું હતું કે પાલનપુર શહેરની મધ્યમાં પાવર હાઉસ વિસ્તારમાં ગણપતિ દાદાનું મંદિર આવેલું છે. જ્યાં આસપાસનાં વેપારીઓ શ્રદ્ધાથી દર્શન કરે છે.

## વડગામ તાલુકાના મુમનવાસ નજીક આવેલા

# પાણીયારીમાં નાહ્વા આવેલા એક યુવકનું મોત : ત્રણનો આબાદ બચાવ



વડગામ, તા.૨૫

વડગામ તાલુકાના મુમનાવાસ નજીક આવેલા પાણીયારી માં નાહ્વા ગયેલા એક યુવકનું મોત થયું હતું.ત્યારે કુદરતી વોટર ફલોમા નાહ્વા પડેલ પાલનપુરના સાંગ્રા ગામના ચાર પર્યટક પૈકી ૩ વ્યક્તિઓને બચાવી લેવામાં આવ્યા હતા.

વડગામ તાલુકાના મુમાનાવાસ નજીક બનાસકાંઠા જિલ્લાના પિકનિક સ્પોટ તરીકે જાણીતુ પાણીયારીમાં ચાર પાલનપુરના સાંગ્રા ગામના ચાર યુવકો નાહ્વા માટે આવ્યા હતા. ત્યારે કોઈ કારણોસર ચાર યુવકો તણાયા હતા.ત્યાં કુદરતી વોટર ફલોના ઝરણાં હાલ વહી રહ્યા છે. ત્યારે આં યુવકો ત્યાં નાહ્વા પડ્યા હતા.પાણી વધુ આવી જતા ચાર યુવકો તણાયા હતા.જેથી યુવકોએ બુમાબુમ કરતા આજુબાજુથી લોકો દોડી આવ્યા હતા.જેમાં અશોકભાઈનું મોત નિપજ્યુ હતુ અને ત્રણ વ્યક્તિઓને બચાવી લેવામાં આવ્યા હતા.મૃતદેહને પાલનપુર સિવિલમાં પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો.

# ધાનેરામાં રાજકીય ગરમી વચ્ચે નગરપાલિકાના બીજા ટર્મ માટે પ્રમુખ ઉપપ્રમુખની ચૂંટણી યોજાઈ

## બહુમતીના આધારે કોંગ્રેસના પ્રમુખ ઉપપ્રમુખ બન્યા



ધાનેરા, તા.૨૫

ધાનેરા નગરપાલિકાના બીજા ટર્મ માટે આજે કલેકટર કચેરીએ ચૂંટણી યોજાઈ જેમાં પ્રમુખ તરીકે કોંગ્રેસના જગલબેન ઠાકોર અને ભાજપ તરફથી ઈન્દુબેન જોશી જ્યારે ઉપપ્રમુખ પદ માટે કોંગ્રેસ તરફથી શકરભાઈ પટેલ અને ભાજપ તરફ હીરાલાલ ઠક્કરે ઉમેદવારી નોંધાવી પણ બહુમતીના જોરે કોંગ્રેસના ઉમેદવાર જગલબેન ઠાકોર અને ઉપપ્રમુખ તરીકે કોંગ્રેસના શકરભાઈ પટેલ વિજેતા જાહેર થયા. અત્રે ઉલ્લેખનીય છે કે નગરપાલિકામાં ૧૭ કોંગ્રેસ અને ૧૧ ભાજપના સદસ્યો જીતેલા છે. જેના કારણે બહુમતીના જોરે કોંગ્રેસ સતા પર બીજા ટર્મ માટે યથાવત રહી નગરપાલિકાની ચૂંટણીને લઈ સમગ્ર શહેરમાં ભારે ગરમાવો હતો નાયબ કલકટરે સોસીયલ ડિસ્ટન માસ્ક અને સમગ્ર ચૂંટણી પ્રકિયા વિડિઓગ્રાફી સાથે યોજી હતી ચૂંટાયેલા પ્રતિનિધિઓ શહેરમાં વિકાસની વણઝાર ચાલુ રાખવાનો દાવો કર્યો અને ધાનેરા નગરને મોડલ નગર બનાવવાની વાત પર ભાર મુકતા જોવા મળ્યા.

# થરાદમાં કોંગ્રેસે ભાજપને વધુ એક ઝટકો આપ્યો

## નગરપાલિકાની સત્તા પણ કોંગ્રેસે ભાજપ પાસેથી આંચકી લીધી



થરાદમાં કોંગ્રેસ ભાજપ પર દિવસેને દિવસે ભારે પડી રહ્યું છે અને થરાદ વિધાનસભાની પેટાચૂંટણીમાં કોંગ્રેસે ભાજપ પાસેથી સત્તા લીધા બાદ આજે નગરપાલિકાની પેટા ચૂંટણીમાં પણ કોંગ્રેસે ભાજપને મોટો ઝટકો આપ્યો છે. થરાદ નગરપાલિકાની આજે બીજા ટર્મની ચૂંટણી યોજાઈ હતી. થરાદ નગરપાલિકામાં આમ તો ભાજપની બહુમતી છે. જેમાં ભાજપ પાસે કુલ ૧૨ સભ્યો જ્યારે કોંગ્રેસ અને અપક્ષ પાસે ૮-૮ સભ્યો છે અને અત્યાર સુધી થરાદ નગરપાલિકા પર ભાજપનું શાસન હતું પરંતુ આજે બીજા ટર્મની ચૂંટણીમાં કોંગ્રેસે ભાજપ પાસેથી નગરપાલિકાની સત્તા પણ આંચકી લીધી છે. આજે યોજાયેલી પેટાચૂંટણીમાં કોંગ્રેસના પ્રમુખ ઉપપ્રમુખને ભાજપના ૬ અને અપક્ષના ૬ સભ્યોના ટેકાથી કુલ ૧૭ - ૧૭ મત મળતા કોંગ્રેસ વિજયી બની છે. ભાજપના પ્રમુખ, ઉપપ્રમુખને કુલ ૧૧ - ૧૧ મતો મળ્યા હતા.

આમ સાંસદ સભ્ય પરબત પટેલના હોમ ટાઉનમાજ કોંગ્રેસ એક પછી એક ઝટકો આપી મજબૂત બની રહી છે.

# મોડાસાની નાલંદા-૨ માં રહેતા શિક્ષક દંપતીને લાગ્યો વીજકરંટ

## શિક્ષકનું ઘટનાસ્થળે મોત, પત્ની સારવાર હેઠળ, વીજકરંટથી નંદવાયું શિક્ષક દંપતી

મોડાસા, તા. ૨૫

અરવલ્લી જીલ્લામાં ચોમાસાની ઋતુમાં વીજ કરંટ લાગવાની અને જાનહાની થવાની પણ અનેક ઘટનાઓ દર



વર્ષે નોંધાતી હોય છે. મોડાસા શહેરની નાલંદા-૨ સોસાયટીમાં રહેતા શિક્ષક દંપતીને ઘરની પાછળ લગાવેલ લોંખડની જાળીમાં વીજ પ્રવાહ ઉતરતા શિક્ષક જાળીને અડકતા વીજ કરંટ લાગતા પટકાઈ જતા તેમને બચાવવા જતા તેમની પત્ની અને પુત્રને પણ વીજ કરંટ લાગતા ભારે ચકચાર મચી હતી. વીજકરંટથી શિક્ષક કાળનો કોળિયો બની જતા ભારે ચકચાર મચી હતી. શિક્ષિકા પત્ની અને પુત્રને સારવાર અર્થે દવાખાને ખસેડાતા માતા-પુત્રનો આબાદ બચાવ થયો હતો. વીજકરંટના પગલે શિક્ષકનું મોત નિપજતા શિક્ષકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. આશાસ્પદ યુવાન શિક્ષકના મોતથી શિક્ષણ આલમમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. પોલીસ ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર મોડાસાની નાલંદા-૨ સોસાયટીમાં રહેતા અને મોડાસા પ્રાથમીક શાળા નં-૨ માં મૌલીકભાઈ પટેલ અને તેમની પત્નિ શિક્ષક તરીકે ફરજ બજાવે છે. સોમવારે સાંજના સુમારે તેમના ઘરની પાછળ લગાવેલ લોંખડની જાળમાં વીજપ્રવાહ ઉતરતા ઘરની પાછળ કામકાજ અર્થે ગયેલા મૌલિકભાઈને વીજકરંટ લાગતા વીજકરંટના ઝાટકો લાગતા બુમ પાડવાની સાથે નીચે પટકાતા ઘરમાં રહેલા તેમના પત્ની અને પુત્ર પણ પાછળ દોડી ગયા હતા. વીજકરંટ લાગવાની ઘટનાથી અજાણ મૌલિકભાઈને બચાવવા જતા તેમને પણ વીજકરંટ લાગતા પત્ની અને પુત્રને પણ વીજકરંટની અસર થઈ હતી.

વીજકરંટ લાગવાની ઘટનાના પગલે આજુબાજુથી લોકો દોડી આવી શિક્ષક દંપતીને તાબડતોડ નજીક આવેલ ખાનગી હોસ્પિટલમાં સરવાર અર્થે લઈ જતા ફરજ પરના તબીબે મૌલિકભાઈ પટેલને મૃત જાહેર કરતા પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું. શિક્ષક દંપતીને વીજકરંટ લાગવાની ઘટનાના પગલે મોટી સંખ્યામાં શિક્ષકો હોસ્પિટલ ઉમટ્યા હતા. આશાસ્પદ શિક્ષક મૌલિકભાઈ પટેલના મોતને પગલે શિક્ષણ આલમમાં ભારે ગમગીની છવાઈ હતી. વીજકરંટની ઘટનાના પગલે વીજ કર્મચારીઓ ઘટનાસ્થળે પહોંચી સમગ્ર વિસ્તારનો વીજપ્રવાહ બંધ કરી વીજકરંટ લાગવાનું કારણ શોધવા તજવીજ હાથ ધરી હતી.

# પોલીસની શક્તિ વિંગે ૮૫ વર્ષિય વૃદ્ધાને પરીવાર સાથે મિલન કરાવ્યું

હિંમતનગર, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લામાં મહિલાઓ, બાળકો અને સિનિયર સિટીઝનની રક્ષા કાજે શક્તિવિંગની રચના કરવામાં આવી છે. આ શક્તિવિંગ દ્વારા



આજે એક વૃધ્ધાને પોતાના પરીવાર સાથે મિલન કરાવી સાચા અર્થમા આ વિંગે પોતાના નામને સાર્થક કરી બતાવ્યું છે.

મહિલાઓની સલામતી અને સુરક્ષા માટે ચાલતા ૧૮૧ અભયમ વાનમાં ૮૫ વર્ષના કાંતાબેન બારોટને તા. ૨૨ ઓગસ્ટના અભયમની ટીમ દ્વારા વૃધ્ધાને મદદ અને સાંત્વના આપી એ-ડીવિઝન પોલીસ સ્ટેશનમાં લાવવામાં આવ્યા. આ વૃધ્ધા હિંમતનગરના ગઢોડાના વતની હોવાનુ જાણી પી.આઈ. ત્રિવેદી અને તેમની શક્તિવિંગની ટીમ દ્વારા પુછપરછ કરતા તેમના પરીવાર અંગે જાણકારી લેવામાં આવી હતી. કાંતાબેનને બે દિકરા છે પરંતુ બંને દિકરાઓમાંથી એક પણ દિકરો તેમની માતાને પોતાની સાથે રાખવા તૈયાર ન હોવાથી કાંતાબેનને ના છુટકે આ ઉમરે અભયમનો સહારો લીધો પરંતુ તેઓ પોતાના સંતાનો વિરુધ્ધ કોઈ કાયદાકીય કાર્યવાહી કરવા માંગતા ન હોતા, આ કારણે પી.આઈ. ત્રિવેદીએ કાંતાબેનના બે દિકરાઓ, દિકરી અને અન્ય પરીવારજનોને બોલાવી તેમની સાથે વાતચીત કરી દિકરાઓને સમજાવતા કાંતાબેનને તેમના નાના દિકરાને ઘરે ખુશી ખુશી મોકલવામાં આવ્યા હતા.

આમ સાબરકાંઠા જિલ્લા પોલીસ વડા ચૈતન્ય માંડલીક દ્વારા રચવામાં આવેલી શક્તિવિંગ દ્વારા આજે એક વૃધ્ધાને પોતાનો પરીવાર પાછો મળ્યો છે. શક્તિવિંગની રચના પાછળનો ઉદ્દેશ્ય મહિલાઓ અને સિનિયર સિટીઝનની રક્ષા છે. જે આજે સાર્થક થતી નજરે પડે છે.

# જિલ્લામાં ઉઘાડ નીકળતા ધરતીપૂત્રો ખુશખુશાલ

## સાબરકાંઠામાં મોસમનો ૮૫.૪૯ ટકા વરસાદ તલોદ તાલુકામાં ૧૦૦ ટકાથી વધુ વરસાદ દિવસ દરમિયાન હળવો વરસાદ ચાલુ રહ્યો

હિંમતનગર, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા એકાદ અઠવાડીયાથી પડી રહેલા વરસાદે મંગળવારે વિરામ લેતા ઉગાડ નિકળ્યો છે જેના લીધે ખાસ કરીને ધરતીપૂત્રો ખુશખુશાલ બની ગયા છે. તેમ છતાં મંગળવારે દિવસ દરમિયાન જિલ્લાના મોટાભાગના તાલુકાઓમાં સરેરાશ બે મી.મી. થી ૧૯ મી.મી. સુધીનો વરસાદ પડ્યો હતો. હિંમતનગરમાં પણ દિવસ દરમિયાન હળવો વરસાદ પડતા રસ્તાઓ ભીના થઈ ગયા હતા.

ડીઝાસ્ટર વિભાગના સૂત્રોના જણાવાયા મુજબ જિલ્લામાં અત્યાર સુધીમાં મોસમનો કુલ વરસાદ ૮૫.૪૯ ટકા નોંધાયો છે જેમાં સૌથી વધુ વરસાદ તલોદ તાલુકામાં ૮૬૦ મી.મી. (૩૪ ઈંચ) એટલે કે ૧૦૮.૦૪ ટકા વરસાદ પડી ચૂક્યો છે. તેજ પ્રમાણે પ્રાંતિજ તાલુકામાં ૭૭૮ મી.મી. એટલે કે ૯૪.૩૦ ટકા વરસાદ થયો છે. આ ઉપરાંત ઈડરમાં ૭૮.૮૯, ખેડબ્રહ્મામાં ૯૦.૩૭, પોશીનામાં ૭૭.૨૭, વડાલીમાં ૭૦.૯૭, વિજયનગરમાં ૮૮.૧૭ અને હિંમતનગરમાં મોસમનો કુલ વરસાદ ૭૯.૩૨ ટકા વરસાદ તા. ૨૫ ઓગષ્ટ સુધીમાં પડી ચૂક્યો છે.

મંગળવારે પ્રાંતિજ તાલુકા સિવાય સવારે છ થી સાંજે ચાર વાગ્યા સુધીમાં ઈડરમાં ૧૪ મી.મી., ખેડબ્રહ્મામાં ૦૬, તલોદમાં ૦૧, પોશીનામાં ૦૭, વડાલીમાં ૧૫, વિજયનગરમાં ૧૯ અને હિંમતનગરમાં ૦૨ મી.મી. વરસાદ પડ્યો છે. દિવસ દરમિયાન હિંમતનગર અને આસપાસના વિસ્તારોમાં અવારનવાર છુટાછવાયા પડેલા વરસાદને લીધે રસ્તાઓ આખો દિવસ ભીના રહેવા પામ્યા હતા. તેમ છતાં ઉઘાડ નિકળતા ખાસ્સા દિવસ પછી સૂર્યનારાયણના દર્શન થવા પામ્યા છે.

અઠવાડીયા બાદ જિલ્લામાં વરસાદે વિરામ લેતા નિકળેલા ઉઘાડને કારણે મુખ્યત્વે કપાસ, મકાઈ, મગફળી અને ડાંગર સહિતના અન્ય પાકોને સૂર્યપ્રકાશ મળ્યો હોવાથી ઘણો ફાયદો થયો છે.

# સાબરકાંઠામાં કોરોનાના નવા છ કેસ ઉમેરાયા

સાબરકાંઠા જિલ્લામાં કોરોનાના પોઝીટીવ કેસોની સંખ્યા દિનપ્રતિદિન ઘટી રહી છે. ત્યારે છેલ્લા ૨૪ કલાક દરમિયાન જિલ્લામાં કોરોના પોઝીટીવના છ કેસો ઉમેરાયા છે અને તે સાથે કુલ કેસનો આંકડો ૬૧૯ પર પહોંચી ગયો છે. આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર સોમવારે સાંજે પાંચ વાગ્યાથી મંગળવારે સાંજે પાંચ વાગ્યા સુધીમાં જે નવા છ કેસો ઉમેરાયા છે તેમાં હિંમતનગરના બે કેસ છે. જે મુજબ શાંતિનગરમાં ૩૫ વર્ષીય પુરુષ અને સર્વોદય સોસાયટીમાં રહેતા ૭૨ વર્ષીય મહિલા કોરોનાની ઝપેટમાં આવી ગયા છે. તે જ પ્રમાણે ઈડરમાં આવેલી સિદ્ધિ કોલોનીમાં ૬૨ વર્ષીય મહિલા, ખેડબ્રહ્મા તાલુકાના પાદરડી ગામના ૩૮ વર્ષીય પુરુષ અને તલોદ તાલુકાના કઠવાડા ગામે રહેતા ૬૯ વર્ષીય પુરુષ તથા તે જ તાલુકાના તખતગઢ ગામના ૪૮ વર્ષીય મહિલાનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો.

જિલ્લામાં અત્યાર સુધીમાં કોરોના પોઝીટીવના જે ૬૧૯ કેસ નોંધાયા છે. તે પૈકી ૫૫૮ દર્દીઓ સાજા થયા છે. અને હાલ ૫૪ કેસ એક્ટીવ હોવાનો આરોગ્ય વિભાગ દ્વારા દાવો કરાઈ રહ્યો છે.

# સાબરકાંઠામાં વરસાદે ચાર જણાનો ભોગ લીધો

હિંમતનગર, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લામાં ગત જુન માસથી શરૂ થયેલા ચોમાસા દરમિયાન વરસાદ પડવાથી અત્યાર સુધીમાં ચાર માનવ મૃત્યુ થયા છે. તથા કાચા મકાનોમાં ભેજ લાગવાથી કુલ ૨૧૪ મકાનો ધરાશયી થયા છે. અને ઝાડ પડવાથી અથવા તો અન્ય કારણોસર ૨૩ પશુઓના મોત નિપજયા છે. એમ ડીઝાસ્ટર વિભાગના આધારભૂત સૂત્રોમાંથી જણાવાયુ છે.

સાબરકાંઠા જિલ્લામાં ગત જુન માસથી શરૂ થયેલા વરસાદ બાદ લાંબો સમય વરસાદે વિરામ લેતા જિલ્લાવાસીઓ ચિંતાતુર બની ગયા હતા. જો કે સદનસીબે ઓગષ્ટ માસના ઉત્તરાર્ધમાં જિલ્લાના મોટાભાગના તાલુકાઓમાં સરેરાશ મોસમનો ૭૦ ટકાથી વધુ વરસાદ વરસતા ચોમાસુ પાકને પુષ્કળ ફાયદો થયો છે. તેમ છતાં ખાસ કરીનો આગોતર વાવેતર કરેલ મગફળીના પાકને ૨૫ ટકાથી વધુ નુકશાન થવાની શક્યતા ખેડૂત વર્ગ દર્શાવી રહ્યો છે.

દરમિયાન છેલ્લા એકાદ અઠવાડીયાથી જિલ્લાના તમામ તાલુકાઓમાં દિવસે અને રાત્રે પડેલા વરસાદને લઈને ગત વર્ષની ખોટ પુરાઈ ગઈ હોવાનું મનાઈ રહ્યુ છે. ત્યારે અત્યાર સુધીમાં વરસાદને લીધે ચાર જણાના મોત નિપજયા છે. જે પૈકી પોશીના તાલુકામાં એક ઈસમ પર ઝાડ પડવાથી મોત થયુ હતુ. જ્યારે ખેડબ્રહ્મા તાલુકામાં નદી અથવા તો ચેકડેમમાં પગ લપસી જવાથી મોત થયા હોવાનું ડીઝાસ્ટર વિભાગના સૂત્રોમાંથી જણાવાયુ છે.

બીજી તરફ તા. ૨૪ ઓગષ્ટ સુધીમં જિલ્લાના તમામ તાલુકાઓમાં મળી ૧૩૫ કાચા મકાનો પડી ગયા છે અને તા. ૨૫ ઓગષ્ટના રોજ વરસાદ બંધ થયા પછી વધુ ૭૯ કાચા મકાનો પડી ગયા છે એમ કુલ મળી જિલ્લામાં અત્યાર સુધી બે પાકા મકાનો સહિત કુલ ૨૧૪ મકાનોને નુકશાન થયુ છે. તથા ત્રણ સરકારી મકાનોને પણ વરસાદની ભેજની અસર થતા કેટલુક નુકશાન થવા પામ્યુ છે. સાથોસાથ તા. ૨૪ ઓગષ્ટ સુધીમાં ૧૨ ઝાડ પડી ગયા છે અને ચોમાસામાં ૨૩ પશુઓના વિવિધ કારણોસર મોત થયા છે.

હજુ તો જિલ્લામાંથી ચોમાસાએ વિદાય લીધી નથી ત્યારે જે નુકશાન થયુ છે છતા આગામી દિવસોમાં જો ભારે વરસાદ થાય અને ફરીથી નદીઓમાં પુર આવે તો વધુ નુકશાન થવાની શક્યતા નકારી શકાતી નથી જેથી ખાસ કરીને ડેમ અથવા નદીકાંઠાના વિસ્તારોમાં રહેતા લોકોને તંત્ર દ્વારા અપાતી ચેતવણીની અવગણના ન કરવા માટે પણ અપીલ કરાઈ છે.